ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

વાંચો અંદરના પેજ પર



'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની ઉજવણી

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

વાંચો અંદરના પેજ પર



ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ભારે હાલાકીમાં

●સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર ●તંત્રી ડો. ઈલેવાન ઠાકર ●Year - 20 ●Issue 72 ● SATURDAY-08-08-2026 ●Price0.50/-(Paisa), Annual : 150/- ●Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

## નોન થાબુરી પ્રાંતના બેંગ ક્રૂઆઈ જિલ્લામાં આ ઘટના બની

# થાઈલેન્ડની શાળામાં અંધાધૂંધ ગોળીબાર : ગોળી ચલાવનાર સહિત સાતના મોત

### આંચકાજનક વાત તે છે કે તે જિલ્લો પાટનગર બેંગકોકને સ્પર્શીને આવેલો છે

• પતાયા

બેંગકોક નજીક નોન થાબુરી પ્રાંતની દેબ સિરિન નોનથાબુરી સ્કૂલમાં શુક્રવારે અંધાધૂંધ ગોળીબાર થયો. એક વિદ્યાર્થીએ શિક્ષકો અને બાળકો સહિત 6ને ગોળી મારી, પછી ખુદને પણ ગોળી મારી દેતાં કુલ 7ના મોત થયા. 15થી વધુ ઘાયલ થયા. આ ઘટનાથી શાળામાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. થાઈલેન્ડમાં બંદૂક હિંસા સામાન્ય બની રહી છે.

થાઈલેન્ડનાં આ પાટનગર બેંગકોકને સ્પર્શીને રહેલા નોન થાબુરી પ્રાંતના બેંગ ક્રૂઆઈ જિલ્લા સ્થિત દેબસિરિનની દેબ સિરિન નોનથાબુરી સ્કૂલમાં શુક્રવારે અચાનક અને અંધાધૂંધ ગોળીબારમાં શિક્ષકો અને બાળકો સહિત છનો ભોગ લીધા પછી ગોળીબાર કરનારે ખુદને ગોળી મારી દીધી હતી. પરિણામે કુલ સાતના મોત થયા છે, અનેકને ઈજાઓ પણ થઈ છે. ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ દ્વારા બેંગકોકની હોસ્પિટલમાં લઈ જવાયા છે.

આ ઘટનાથી શિક્ષકો અને શિક્ષિકાઓ સહજ રીતે જ ગભરાઈ ગયા હતા અને શિક્ષિકાઓ તો એક-બીજાને વળગી રડી રહેલા જોવા મળતાં હતાં.

જોકે આ ઘટના બની પછી તુર્તજ ઈમર્જન્સી વર્કસ કામે લાગી ગયા હતા, અને ઘવાયેલાઓને



સ્ટ્રેચરમાં સુવાડી એમ્બ્યુલન્સમાં દાખલ કરતા જોવા મળતા હતા.

આ ગમખ્વાર દુર્ઘટના પાછળ તે ગોળીબાર કરનાર એક વિદ્યાર્થી જ હતો, કારણ શું હતું તે જાણી શકાયું નથી. આ ગોળીબારી અંગે શાળામાં ઉપરનાં ધોરણમાં ભણતા એક ૧૮ વર્ષના વિદ્યાર્થીએ કહ્યું હતું કે ગોળીબારીના અવાજો સંભળાયા ત્યારે પહેલાં તો તેણે તેમ માન્યું હતું કે, કોઈ ફટાકડા ફોડી રહ્યું છે અથવા કોઈ હથોડાથી લાકડા ઉપર ઝડપભેર પ્રહારો કરી રહ્યું હશે. તે ગોળીબારી હશે તેમ મેં પહેલાં તો માન્યું જ ન હતું.

નેશનલ પોલીસના પ્રવકતા લેફટ.કર્નલ ત્રિરોંગ ફોફાને પત્રકારોને જણાવ્યું હતું કે તે દુર્ઘટનામાં ગોળીબાર કરનાર સહિત કુલ સાતનાં મૃત્યુ થયા હતા. ગોળીબાર કરનારે પછીથી ખુદને ગોળી મારી દીધી હતી. ૧૫ને ગંભીર ઈજાઓ થઈ હતી. શિક્ષણમંત્રી પ્રસેરત જંતર રૂઆંગ તોંગે કહ્યું હતું કે આ ગોળીબારીમાં શિક્ષકો, શિક્ષિકાઓ અને બાળકો સહિત કુલ સાતના મૃત્યુ થયાં હતાં. પોલીસને પછી જાણવા મળ્યું કે ગોળીબાર કરનાર પણ એક વિદ્યાર્થી જ હતો.

થાઈલેન્ડમાં ગોળીબારી સામાન્ય બની રહી છે. ૨૦૨૨માં એક નિવૃત્ત પોલીસે કરેલા ગોળીબારમાં અને છરી હુમલામાં ૩૬ના મોત થયા હતા. મૃત્યુ પામનારમાં ૨૨ બાળકો હતા.

જુલાઈ ૨૦૨૫માં બેંગકોકની માર્કેટમાં એક બંદુકધારીએ પાંચને મારી નાખ્યા હતા. તેમાં સિક્યુરીટી ગાર્ડ તથા એક લારીવાળો પણ માર્યો ગયો હતો. ૨૦૨૦માં એક સૈનિકો નખોન શીચાસીમાં નગરમાં ૨૯ લોકોના જીવ લીધા હતા, ૨૦૨૩માં એક ૧૪ વર્ષનાં છોકરાએ હેન્ડગન દ્વારા બેના જાન લીધા હતા અને પાંચને ઘાયલ કર્યા હતા. આ ઘટના બેંગકોકના લકઝરી વિસ્તારમાં આવેલાં શોપિંગ સેન્ટરમાં બની હતી.

બંદુક ધરાવવી અને ગોળીબારી કરવી તે તો થાઈલેન્ડમાં અમેરિકાની જેમ જ સામાન્ય ઘટના બની રહી છે.

## નેશનલ-ઈન્ટરનેશનલ

### અમેરિકા પણ વિદેશી ફંડિંગનું નિયમન કરે છે', FCRA મુદ્દે ભારતનો અમેરિકાને જડબાતોડ જવાબ

**નવી દિલ્હી :** ભારતે FCRA બિલને આંતરિક મામલો ગણાવી અમેરિકી સાંસદ રાઈલી મૂરેની ટીકાને ફગાવી દીધી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે ભારતના કાયદાકીય નિર્ણયો સંસદ દ્વારા લેવાય છે. મૂરેએ ખ્રિસ્તી સંસ્થાઓ પર અસર અને ભારત-યુએસ સંબંધો બગડવાની ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે કહ્યું કે, ઘણા દેશો વિદેશી ફંડિંગનું નિયમન કરે છે અને આ સુધારાનો હેતુ જાહેર સંપત્તિઓનું રક્ષણ કરવાનો છે. ભારતના પ્રસ્તાવિત બિલ FCRA અંગે અમેરિકાના સાંસદ રાઈલી મૂરેએ કરેલી ટિપ્પણી પર વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે. ભારતે અમેરિકાને જવાબ આપ્યો છે કે આ બિલ ભારતનો આંતરિક મામલો છે. પશ્ચિમ વર્જિનિયાના રિપબ્લિકન નેતા રાઈલી મૂરેએ કહ્યું હતું કે, જો કોઈ ચર્ચ કે ધાર્મિક ચેરિટીનું FCRA રજિસ્ટ્રેશન રદ થાય અથવા રિન્યૂ ન થાય, તો આ નવા કાયદા હેઠળ ભારત સરકાર તેના પર નિયંત્રણ મેળવી શકે છે. આ જોગવાઈઓથી ખ્રિસ્તી સંસ્થાઓ પર અસર પડશે અને તેનાથી ભારત-USના દ્વિપક્ષીય સંબંધો પર પણ માઠી અસર પડી શકે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે મીડિયાના પ્રશ્નોના જવાબ આપતાં કહ્યું કે, અમે FCRA અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓ જોઈ છે.

### મિથુન ચક્રવર્તી હોસ્પિટલમાં દાખલ, કોલકાતામાં થઈ સર્જરી

**મુંબઈ :** બોલિવૂડ અભિનેતા અને ભાજપ નેતા મિથુન ચક્રવર્તીને કોલકાતાની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમના શરીરમાંથી જૂની મેટલ પ્લેટ દૂર કરવા સર્જરી સફળ રહી. તેમની તબિયત સ્થિર છે. પશ્ચિમ બંગાળના CM શુભેન્દુ અધિકારીએ મુલાકાત લીધી. મિથુન 350થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે અને ટૂંક સમયમાં 'બંટવારા 1947' અને 'જેલર 2' માં જોવા મળશે. બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અને ભાજપ નેતા મિથુન ચક્રવર્તીની તબિયત બગડતાં તેમને કોલકાતાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું એક નાનું ઓપરેશન કરવામાં આવ્યું છે. ગુરુવારે તેમનું ઓપરેશન સફળ રહ્યુ હતુ, જેમાં તેમના શરીરમાં અગાઉના એક અકસ્માત બાદ લગાવવામાં આવેલી મેટલ પ્લેટને દૂર કરવામાં આવી છે. સર્જરી બાદ ડોક્ટરોએ જણાવ્યું કે, મિથુન ચક્રવર્તીની સ્થિતિ હવે સ્થિર છે. હોસ્પિટલમાં તેમની મુલાકાત લેવા પશ્ચિમ બંગાળના CM શુભેન્દુ અધિકારી પહોંચ્યા હતા, અને તેમના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવી હતી.

### NEET બાદ હવે ઈથેનોલ મુદ્દે મોદી સરકારને ઘેરવાની તૈયારી!

**નવી દિલ્હી :** લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ E20 પેટ્રોલ પોલિસી મુદ્દે સરકાર પર પ્રહાર કર્યા છે. તેમણે દાવો કર્યો કે, ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનોને નુકસાન થાય છે, માઈલેજ ઘટે છે, અને આ સામાન્ય જનતા પર બોજ છે. જોકે, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ આ દાવાઓને નકારી કાઢ્યા. તેમણે જણાવ્યું કે, દેશમાં 1,07,000 પેટ્રોલ પંપમાંથી માત્ર 4 જગ્યાએ ક્ષતિ મળી હતી. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સરકારની E20 પેટ્રોલ પોલિસી (ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) ને લઈને તીખા પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરતા તેમણે નિશાન સાધ્યું કે, આ મામલે 'દાળમાં કંઈ કાળું નથી, પરંતુ આખી દાળ જ કાળી છે.' આ વીડિયોમાં રાહુલ ગાંધી એક કારની ફ્યુઅલ ટેન્ક ખોલીને સામાન્ય જનતાને તેના દુષ્પ્રભાવો વિશે સમજાવતા નજરે પડે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, E20 પેટ્રોલનો આ મુદ્દો કોઈ સામાન્ય નીતિગત ચર્ચા નથી, પરંતુ દેશના કરોડો વાહનચાલકો સાથે જોડાયેલી ગંભીર સમસ્યા છે. ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે લોકોની કાર અને સ્કૂટર ઝડપથી બગડી રહ્યા છે. એન્જિનની કાર્યક્ષમતા ઘટી રહી છે, અને વાહનોનું માઈલેજ પણ ઓછું થઈ રહ્યું છે. આ બાબત સામાન્ય માણસની મહેનતની કમાણી પર સીધો ડાકો મારવા સમાન છે.

### ઝારખંડના રાંચીમાં વિધાનસભા માર્ચ દરમિયાન હોબાળો

**રાયપુર :** ઝારખંડમાં JPSC અને JSSC પરીક્ષા કૌભાંડ સામે વિદ્યાર્થીઓનું આંદોલન 14મા દિવસે પણ ચાલુ રહ્યું. રાંચીમાં AISAના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરા પર શાહી ફેંકવાની ઘટના બની, જેનાથી માહોલ ગરમાયો. વિદ્યાર્થીઓ પેપર લીક અને અનિયમિતતાઓની સ્વતંત્ર તપાસની માંગ સાથે ભૂખ હડતાળ પર છે. 7 સભ્યોનું પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રીને મળશે. વિધાનસભામાં પણ આ મુદ્દે ભારે હોબાળો થયો. ઝારખંડમાં JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગોટાળા અને પેપર લીક સામે વિદ્યાર્થીઓનું આંદોલન 14મા દિવસે પણ જોરશોરથી ચાલુ રહ્યું છે. રાજ્યભરમાં ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનને પોતાનું સમર્થન આપવા માટે AISAના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરા ખાસ રાંચી પહોંચ્યા હતા. આ દરમિયાન AISA દ્વારા ઝારખંડ વિધાનસભા સુધી એક વિશાળ માર્ચ કાઢવામાં આવી હતી. જ્યાં ભારે હોબાળા અને અફરાતફરી વચ્ચે નેહા બોરા પર શાહી ફેંકવામાં આવવાની મોટી ઘટના સામે આવી છે, જેનાથી રાજકીય માહોલ વધુ ગરમાયો છે. રાંચીના જયપાલ સિંહ મુડા સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓ છેલ્લા બે અઠવાડિયાથી સતત ભૂખ હડતાળ પર બેઠા છે. પ્રદર્શનકારીઓ ભરતી પરીક્ષાઓમાં થયેલી અનિયમિતતાઓ, પેપર લીક અને પરીક્ષા પ્રક્રિયામાં રહેલી ગોટાળાઓની કડક અને નિષ્પક્ષ તપાસની માગ કરી રહ્યા છે. શુક્રવારે આંદોલનના 14મા દિવસે પણ અનેક વિદ્યાર્થીઓ પોતાની માગ પર અડગ રહીને ભૂખ હડતાળ પર બેઠા હતા.

## સંસદમાં કંઈક મોટું થવાના એંધાણઃ કોંગ્રેસના સાંસદો માટે વ્હીપ જાહેર

• નવી દિલ્હી

કોંગ્રેસે 7 ઓગસ્ટ, 2026ના રોજ લોકસભાના તમામ સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ જારી કર્યો છે. પાર્ટીએ સાંસદોને 10 થી 12 ઓગસ્ટ દરમિયાન ગૃહમાં હાજર રહેવા અને મહત્વપૂર્ણ ચર્ચાઓમાં ભાગ લેવા જણાવ્યું છે. આ નિર્દેશ ચોમાસું સત્ર દરમિયાન કોંગ્રેસની મજબૂત હાજરી સુનિશ્ચિત કરવા અપાયો છે. NDA સાંસદોને પણ દિલ્હીમાં રહેવા સૂચવાયું છે. દેશનો મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ, ચોમાસુ સત્ર દરમિયાન સંસદના નીચલા ગૃહ એટલે કે, લોકસભામાં પોતાની પૂરી તાકાત દર્શાવવાની તૈયારી કરી રહ્યો છે. કોંગ્રેસે શુક્રવારે (7 ઓગસ્ટ 2026) પોતાના તમામ લોકસભા સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ (Three-line Whip) જારી કર્યો છે. જે અંતર્ગત પાર્ટીએ પોતાના તમામ સાંસદોને ગૃહમાં હાજરી સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. લોકસભામાં કોંગ્રેસ સંસદીય દળ (CPP)ના મુખ્ય સચેતક એટલે કે ચીફ વ્હિપ કોડિકુન્નિલ સુરેશે શુક્રવારે (7 ઓગસ્ટ 2026) પોતાના તમામ લોકસભા સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ જારી કર્યો હતો. જેમાં તેમણે તમામ સાંસદોને નિર્દેશ આપ્યો છે કે, તેઓ સોમવારથી બુધવાર સુધી એટલે કે 10, 11 અને 12 ઓગસ્ટના રોજ સવારે 11 વાગ્યાથી ગૃહમાં અનિવાર્યપણે ઉપસ્થિત રહે. આ સમયગાળા દરમિયાન ગૃહમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ સંજોગોમાં તેમની ગેરહાજરી સ્વીકારવામાં આવશે નહીં. નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે, 'લોકસભામાં સોમવાર, મંગળવાર અને બુધવાર એટલે કે 10, 11 અને 12 ઓગસ્ટ 2026 ના રોજ ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

## FCRA બિલને લઈને અમેરિકાથી માંડીને ચર્ચ અને મસ્જિદો સુધી હલચલ

• નવી દિલ્હી

ભારત સરકારે વિદેશી ફંડિંગ નિયંત્રિત કરવા FCRA કાયદામાં સુધારા બિલ રજૂ કર્યું છે. 12 ઓગસ્ટ 2026ના રોજ સંસદમાં ચર્ચા માટે રખાશે. આ બિલ મુજબ, FCRA રિન્યૂ ન કરનાર સંસ્થાની વિદેશી ફંડથી બનેલી મિલકતો, જેમાં ચર્ચ કે મસ્જિદ પણ સામેલ છે, તે સરકાર જપ્ત કરી શકશે. અમેરિકાએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જ્યારે ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટતા કરી કે બિલ ધર્મનિરપેક્ષ છે. NDA પાસે બિલ પાસ કરાવવા પૂરતું સંખ્યાબળ છે. વિદેશી ફંડિંગને લઈને ભારત સરકાર એક મોટો કાયદાકીય ફેરફાર કરવા જઈ રહી છે, એટલે કે FCRA (ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ) માં સુધારો. આ બિલને લઈને દેશમાં વિપક્ષથી લઈને ધાર્મિક સંગઠનો સુધી નારાજગી જોવા મળી રહી છે. હવે અમેરિકાએ પણ આ અંગે વાંધો ઉઠાવ્યો છે. 12 ઓગસ્ટ 2026ના રોજ બિલ પર સંસદમાં ચર્ચા થાય તે પહેલાં મુખ્ય સવાલ એ જ છે કે, FCRA આખરે શું છે, મસ્જિદ-ચર્ચ પર સંકટ કેમ છે, અને સરકાર તેમાં શું ફેરફાર કરવા માંગે છે. FCRA એ વિદેશી ફંડિંગને નિયંત્રિત કરતો કાયદો છે. તેને 1976માં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ઈમરજન્સી દરમિયાન બનાવ્યો હતો. તેનો હેતુ ભારતીય NGOમાં વિદેશી તાકાતોનું ફંડિંગ રોકવાનો હતો, જેથી વિદેશી નાણાં દ્વારા ભારતની આંતરિક બાબતોને પ્રભાવિત ન કરી શકાય. 2010માં મનમોહન સિંહ સરકારે અને 2020માં મોદી સરકારે આ કાયદાને વધુ કડક બનાવ્યો હતો.

### કે.સી.વેણુગોપાલે ઉઠાવ્યા સવાલ

## 'સરકાર વિદ્યાર્થીઓનો અવાજ દબાવી રહી છે'

### ગૃહમંત્રી અને કેન્દ્ર સરકાર પર પ્રિયંકા ગાંધીનો પ્રહાર

• નવી દિલ્હી

કોંગ્રેસે વિદ્યાર્થીઓના અવાજને દબાવવાના સરકારી પ્રયાસોનો આક્ષેપ કર્યો છે. પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજમાં 'છાત્રૌં કી ગૂંજ' કાર્યક્રમથી સરકાર ડરી રહી હોવાનું કહ્યું. કે.સી. વેણુગોપાલે વિદ્યાર્થીઓ પર પેલેટ ગન અને ટીયર ગેસના આદેશ અંગે ગૃહમંત્રીની સ્પષ્ટતા માંગી. કોંગ્રેસે RSS પ્રમુખ મોહન ભાગવતના 'જેન ઝી' નિવેદન પર પણ પ્રહારો કર્યા. 10 વર્ષમાં 1 લાખ સરકારી શાળાઓ બંધ થવાનો આક્ષેપ કરાયો. કોંગ્રેસ સાંસદોએ સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તે વિદ્યાર્થીઓનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે, અને કેન્દ્રીય ગૃહમંત્રી સંસદમાં આવીને જવાબ આપવાથી બચી રહ્યા છે. આ સાથે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS) પ્રમુખ મોહન ભાગવતના 'જેન ઝી'(Gen Z) અંગેના નિવેદનને લઈને પણ કોંગ્રેસે સરકાર અને સંઘ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજમાં પ્રસ્તાવિત 'છાત્રૌં કી ગૂંજ' કાર્યક્રમને લઈને કહ્યું કે, સરકાર આ કાર્યક્રમથી ડરી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે, ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના કાર્યક્રમો સાથે હંમેશાં આવું જ વર્તન કરવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી સંસદમાં આવવા અંગેના પ્રશ્ન પર પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, એવું નથી લાગતું કે તેઓ સદનમાં આવશે. જો કોઈ ભૂલ થઈ હોય તો સરકારે તેની જવાબદારી લઈને સંસદમાં જવાબ આપવો જોઈએ. કોંગ્રેસ સાંસદ કે.સી. વેણુગોપાલે પણ ગૃહમંત્રીની ગેરહાજરી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે માંગ કરી હતી કે, ગૃહમંત્રી સદનમાં આવીને સ્પષ્ટતા કરે કે, વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવાનો અને ટીયર ગેસ છોડવાનો આદેશ કોણે આપ્યો હતો. દેશ અને વિદ્યાર્થીઓ બંને આ પ્રશ્નોના જવાબ ઈચ્છે છે. કોંગ્રેસે આ અંગે લોકસભા અધ્યક્ષને સંસદીય કાર્યમંત્રીને સૂચના આપવા વિનંતી કરી છે, પરંતુ સંસદ સત્રના માત્ર 4 દિવસ બાકી હોવા છતાં ગૃહમંત્રી હજુ સુધી ઉપસ્થિત થયા નથી.

### લોકપ્રિય અને બ્રાન્ડેડ કાચા માલની પસંદગી

## IRCTCએ રેલવેમાં ખરાબ ભોજન આપનારા કોન્ટ્રાક્ટરોને રૂ.5.13 કરોડનો દંડ

### 54ને શો-કોઝ નોટિસ, 6 કોન્ટ્રાક્ટ રદ

ભારતીય રેલવેમાં ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા મુદ્દે IRCTCએ કડક કાર્યવાહી કરી છે. છેલ્લા 3 વર્ષમાં મળેલી ફરિયાદોના આધારે, રેલવેએ કુલ 5.13 કરોડનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, 54 શો-કોઝ નોટિસ, 6 કોન્ટ્રાક્ટ રદ કરાયા અને કેટલાક લાયસન્સધારકોને પ્રતિબંધિત પણ કરાયા છે. મુસાફરોને શુદ્ધ ભોજન મળે તે માટે CCTV કેમેરા અને QR કોડ જેવી વ્યવસ્થા પણ ગોઠવાઈ છે. ભારતીય રેલવેમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ખોરાકની ગુણવત્તા અને સ્વચ્છતાના ઉલ્લંઘનની મળેલી ફરિયાદોના આધારે IRCTC દ્વારા યોગ્ય દંડાત્મક પગલાં લીધા હતા. સમગ્ર મામલે રેલવેએ કુલ રૂ.5.13 કરોડનો દંડ ફટકાર્યો છે. જ્યારે 54 શો-કોઝ નોટિસ, 06 કોન્ટ્રાક્ટ રદ કરવા અને લાયસન્સધારકોને પ્રતિબંધિત કરવાનો સમાવેશ થાય છે. પ્રતિબંધિત કરાયેલા લાયસન્સધારકોની યાદી IRCTCની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. ગુણવત્તા, સ્વચ્છતા, સુરક્ષા અને નિયામક પાલન સુનિશ્ચિત કરવા માટે ફૂડ સેફટી ઓફિસર સહિત રેલવે/IRCTCના અધિકારીઓ દ્વારા નિયમિત અને સરપ્રાઈઝ નિરીક્ષણો હાથ ધરવામાં આવે છે. આ નિરીક્ષણોમાં ખોરાકની સુરક્ષા, કર્મચારીઓની તૈનાતી, સાધનોની જાળવણી, સ્વચ્છતા અને નિર્ધારિત ધોરણોનું પાલન જેવા મુખ્ય પાસાઓને આવરી લેવામાં આવે છે. જ્યારે ખોરાકની હેરફેર, સંગ્રહ અને બનાવટમાં શ્રેષ્ઠ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. આમ, ભારતીય રેલવે મુસાફરી કરતા મુસાફરોને ગુણવત્તાયુક્ત ભોજન, સ્વચ્છતા સહિતની ફરિયાદ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. રેલવેમાં ગુણવત્તા, સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષામાં સુધારો કરવા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. જેમાં નિયુક્ત બેઝ કિચનમાંથી ભોજનનો પુરવઠો, ઓળખાયેલા સ્થળોએ આધુનિક બેઝ કિચન કાર્યરત કરવા, ખોરાક બનાવવાની રીતનું રિયલ ટાઈમ અને વધુ સારું નિરીક્ષણ કરવા માટે બેઝ કિચનમાં CCTV કેમેરા લગાવવા, ખોરાકના ઉત્પાદન માટે લોકપ્રિય અને બ્રાન્ડેડ કાચા માલની પસંદગી અને ઉપયોગ. વગેરેનો સમાવેશ થાય છે.

### સમય સાથે બદલાયેલી આયાત વ્યૂહરચના

## 10 ટકાનો પ્લાન હતો અને પહોંચી ગયા 67% પર!

### ભારતના LPG ઈમ્પોર્ટમાં અમેરિકા બન્યું નંબર 1 સપ્લાયર

• નવી દિલ્હી

ભારતની LPG આયાત નીતિમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ હવે ભારતનો સૌથી મોટો LPG સપ્લાયર બન્યો છે. અગાઉ 10% આયાતનું આયોજન હતું, પરંતુ હવે US કુલ LPG આયાતમાં લગભગ 67% હિસ્સો ધરાવે છે. આ નિર્ણય ઊર્જા સુરક્ષા મજબૂત કરવા લેવાયો છે. ભારતના લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) આયાતના સ્ત્રોતોમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં મોટો ફેરફાર થયો છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ દેશના સૌથી મોટા સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે, ભારતે મૂળભૂત રીતે યુએસમાંથી પોતાની LPG જરૂરિયાતોનો માત્ર નાનો હિસ્સો ખરીદવાનું આયોજન કર્યું હતું, પરંતુ આ આંકડો હવે નોંધપાત્ર રીતે વધી ગયો છે. ભારતની ઊર્જા આયાત વિશે વાત કરતા પુરીએ જણાવ્યું હતું કે, 'સરકારે આ વર્ષની શરૂઆતમાં યુનાઈટેડ સ્ટેટ્સમાંથી દેશની LPG જરૂરિયાતના આશરે 10% આયાત કરવાનો નિર્ણય લીધો હતો. તે સમયે, આ નિર્ણય સ્વતંત્ર રીતે લેવામાં આવ્યો હતો, અને તે હોર્મુઝની સમુદ્રધૂની (Strait of Hormuz) ના ઘટનાક્રમો સાથે જોડાયેલો ન હતો. તેમણે કહ્યું કે, તે સમયે આવા પગલાની જરૂરિયાત સામે સવાલો ઉભા થયા હતા, ખાસ કરીને જ્યારે ભારત પાસે પહેલેથી જ નજીકના સ્થળોએ LPG સપ્લાયર્સ ઉપલબ્ધ હતા. જોકે, ત્યારની સ્થિતિ અને અત્યારે ઘણો બદલાવ આવ્યો છે. આજે મને જણાવતા આનંદ થાય છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ આપણી LPG આયાતમાં લગભગ 67% હિસ્સો ધરાવે છે.'

સોર્સિંગમાં મોટો ફેરફાર

### વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન મેળવ્યું

# એસ.એસ.પી.એ. હાઈસ્કૂલ, નિરોણા ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની ઉજવણી

### નારી વંદન ઉત્સવર્ અંતર્ગત કિશોરીઓને મેન્સ્ટ્રુઅલ હાઈજીન, ગુડ ટચ-બેડ ટચ, પોક્સો એક્ટ, માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષિત ડિજિટલ ઉપયોગ અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન



• નિરોણા

'નારી વંદન ઉત્સવ' અંતર્ગત 'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની ઉજવણીના ભાગરૂપે સારસ્વતમ સંચાલિત એસ.એસ.પી.એ. હાઈસ્કૂલ, નિરોણા ખાતે દીકરીઓમાં આત્મવિશ્વાસ, સુરક્ષા જાગૃતિ અને સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા કેળવવાના હેતુથી વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદનાથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં નિરોણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી.) માંથી પધારેલ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (સી.એચ.ઓ.) દર્શનાબેન તથા મહિલા હેલ્થ વર્કર રમીલાબેન ગાગલનું શાળાની મહિલા શિક્ષિકાઓ દ્વારા પુસ્તક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. વી. એમ. ચૌધરીએ પ્રસંગોચિત ઉદબોધનમાં જણાવ્યું હતું કે, 'બેટી બચાવો, બેટી પઢાવો'નો સાચો અર્થ માત્ર દીકરીને જન્મ આપવો અને શિક્ષણ આપવો જ નથી, પરંતુ તેને સુરક્ષિત, આત્મવિશ્વાસુ, સ્વસ્થ અને માનસિક રીતે સશક્ત બનાવવાનો પણ છે. ત્યારબાદ શાળાની મહિલા શિક્ષિકાઓ દ્વારા વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાંઆવ્યુંહતું.અલ્પાબેન ગોસ્વામીએ 'ગુડ ટચ-બેડ ટચ', ક્રિષ્નાબેન ગોરે 'સંગત અને મૂલ્ય આધારિત જીવન', અલ્પાબેન બુચિયાએ 'પોક્સો એક્ટ', ભૂમિબેન વોરાએ 'માનસિક સ્વાસ્થ્ય અને તણાવનું સંતુલન' તેમજ આશાબેન પટેલે 'મોબાઈલ અને ઈન્ટરનેટનો સંતુલિત ઉપયોગ' વિષય પર કિશોરીઓને ઉપયોગી માહિતી આપી હતી. પી.એચ.સી.ના મહિલા હેલ્થ વર્કર રમીલાબેન ગાગલે માસિક સ્રાવની સ્વાભાવિક પ્રક્રિયા, મેન્સ્ટ્રુઅલ હાઈજીન, તે દરમિયાન આવતી સમસ્યાઓ, તેના યોગ્ય નિરાકરણ તેમજ રાખવાની જરૂરી સાવચેતીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીનીઓ માટે જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને અત્યંત ઉપયોગી રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અલ્પાબેન બુચિયાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ આશાબેન પટેલે વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

### જાફરાબાદ ખાતે નર્મદા સિમેન્ટ પ્લાન્ટના ગેટ સામે

## કામદારોના હક્કો અને માંગણીઓને લઈને એક દિવસીય ધરણા-પ્રદર્શન



• જાફરાબાદ

જાફરાબાદ ખાતે નર્મદા સિમેન્ટ પ્લાન્ટના ગેટ સામે આવેલા ભૂતડા દાદા મંદિરે સવારે ૮થી સાંજે ૬ વાગ્યા સુધી દેશવ્યાપી એક દિવસીય ધરણા-પ્રદર્શન યોજાયું હતું. અખિલ ભારતીય સિમેન્ટ મજદૂર મહાસંઘની વિંધ્યાચલ ખાતે યોજાયેલી કાર્યકારીણીની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર કામદારોના હક્કો અને પડતર માંગણીઓને લઈને આ કાર્યક્રમ યોજાયો હતો. વેજ બોર્ડ સેટલમેન્ટનો તાત્કાલિક અમલ. કોન્ટ્રાક્ટર કામદારોનો CMA સેટલમેન્ટમાં સમાવેશ. કામદારોના હિતને લગતી વિવિધ માંગણીઓનો વહેલી તકે નિકાલ. ધરણા દરમિયાન કામદારોએ એકતાનો પરિચય આપતાં સરકાર અને કંપની મેનેજમેન્ટ સમક્ષ પોતાની માંગણીઓનો યોગ્ય અને ઝડપી નિકાલ કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મહાસંઘના પ્રમુખ સુરેશભાઈ સાંખટ, જાફરાબાદ નર્મદા સિમેન્ટ કંપનીના પ્રમુખ ભાવિનભાઈ સાંખટ, જનરલ સેક્રેટરી બાબુભાઈ કછોટ સહિત યુનિયનની ટીમ, કામદાર ભાઈઓ તથા કોન્ટ્રાક્ટર કામદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આંગણવાડીના લાભાર્થીઓના કવરેજ વધારવા પર ભાર મૂકાયો

# જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને ICICIની ગ્રીવન્સ કમીટીની બેઠક યોજાઈ

### આઈસીડીએસની વિવિધ યોજનાઓ વિશે માહિતી અપાઈ

• દાહોદ

જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરેન બરોટના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે સી.ડી.પી.ઓ અને આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાઘર બહેનોની ગ્રીવન્સ કમીટીની બેઠક યોજાઈ હતી આ બેઠકમાં આંગણવાડી કાર્યકર અને તેડાઘર બહેનોના પ્રતિનિધિ દ્વારા વિવિધ મુદ્દાઓ આંગણવાડી કાર્યકર બહેનોના ગેજ્યુટીના પડતર કેસો ગરમ નાસ્તા, મકાન ભાડું, ગેસ રિફિલિંગ, પોષણ સુધા, ગ્રેજ્યુઈટી તમામ બિલો વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી પોષણ ટ્રેક્ટ એપ્લીકેશનમા ટેક્નિકલ સમસ્યા AVT એપ્લિકેશન સહિત યોજનાના સ્ટોકના પ્રશ્નો બિલોના પ્રશ્નો સહિત મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરેન બારોટ એ દાહોદ જિલ્લાના તમામ સી.ડી.પી.ઓ ને તાત્કાલિક પ્રશ્નોનુ નિરાકરણ કરવા માટે સૂચના આપી હતી. ઈન્ચાર્જ પ્રોગ્રામ અધિકારીશ્રી ડૉ સુધીર જોશી પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિભાગની વિવિધ કામગીરીઓ અંગે વિગતવાર માહિતી રજૂ કરી હતી. આંગણવાડીના લાભાર્થીઓના કવરેજ વધારવા માટે વધુમાં વધુ લાભાર્થીની આઈસીડીએસ હેઠળ નોંધણી થાય તે સુનિશ્ચિત કરવા સીડીપીઓશ્રીને



સૂચના આપેલ છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરેન બારોટ દ્વારા આઈસીડીએસની વિવિધ યોજનાઓ લાભાર્થી સુધી પહોંચાડવી શા માટે મહત્વની છે તે વિશે માર્ગદર્શન સહિત જાણકારી આપવામાં આવી હતી. આ બેઠક દરમ્યાન ઈન્ચાર્જ પ્રોગ્રામ અધિકારીશ્રી ડૉ સુધીર જોશી, સહિત દાહોદ જિલ્લાના તમામ સી.ડી.પી.ઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાતરડા સીમમાંથી રૂપિયા 2.62 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

• ધનપુર

સોમપુર ચોકડીથી ધનસુરા તરફ ના રોડ પર સાતડા ગામની સીમમાં વાતની મળી હતી કે સંજય ખરાડી તથા મહેશભાઈ વીરાજીભાઈ ડામોર વિદેશી દારૂનો જથ્થો લઈ કંથારીયા મેઘરજ માલપુર થઈ સોમપુર ચોકડી સાતડા થઈ ધનસુરા તરફ જવાનો છે મળેલી વાતની ના આધારે પોલીસે સાતરડા ગામની સીમો વોચ ગોઠવી બંને વાહનોની નાકાબંધી કરી હતી. દરમિયાન પ્રથમ વાહન આવતા પોલીસે તેને રોકી ગાડીના ચાલક સહિત ચાર શખ્સોને ઝડપી લીધા હતા જ્યારે પાછળથી આવતી બીજી ગાડીને રોકવા માટે પોલીસે આળસ મુકતા ચાલકે ગાડી પૂર ઝડપે હંકારી હતી જોકે થોડે દૂર ગાડી ઉભી રાખી અંધારાનો લાભ લઈ ચાલક તથા અન્ય એક શખ્સ ફરાર થઈ ગયા હતા પોલીસે વાહનોની તલાસી લેતો તેમાંથી વિદેશી દારૂની કુલ 887 બોટલો કિંમત રૂપિયા 2.62.175 મળી આવી હતી પોલીસે વિદેશી દારૂ ઉપરાંત બંને વાહનો સહિત રૂપિયા 13.02.175 નો મુદ્દા માલ કબજે કર્યો હતો હા કાર્યવાહીમાં પોલીસે શૈલેષભાઈ મોગજીભાઈ ડામોર



ભાવેશભાઈ વિશ્રામભાઈ તલાર અજયભાઈ મગનભાઈ બરંડા અને સુનિલભાઈ રામાભાઈ ખરાડી ને ઝડપી લીધા હતા જ્યારે સંજય ખરાડી અને મહેશભાઈ વિરજીભાઈ ડામોર પોલીસને હાથ લાગ્યા વગર ફરાર થઈ ગયા હતા આ અંગે પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## સંક્ષીપ્ત સમાચાર

### લીમડી-લીમખેડા હાઈવે પર રિક્ષા ચાલકનું ઘટનાસ્થળે જ નીપજ્યું

**દાહોદ :** લીમડી-લીમખેડા હાઈવે પર આવેલ વાકોલ બ્રિજ નજીક આજે એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક ખાનગી ટ્રાવેલ્સ બસ અને રિક્ષા વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.આ અકસ્માત એટલો ભયાનક હતો કે રિક્ષાનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો હતો. આ કરૂણ દુર્ઘટનામાં રિક્ષા ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે રિક્ષામાં સવાર અન્ય એક ઈસમ ગંભીર રીતે ઘાયલ થયો છે.ઘટના અંગે લીમડી પોલીસને જાણ થતાં જ પોલીસ કાફલો સત્વરે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી, મૃતકના દેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આગળની કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

### મોરબી શહેરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી લોકો ત્રસ્ત



• મોરબી

'મોરબી શહેરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. આજે નવલખી ફાટક પાસે આવેલા લાયન્સ નગર વિસ્તારમાં પાણી ભરાવાથી કંટાળેલા મહિલાઓ સહિતના સ્થાનિકોએ રસ્તા પર ઉતરી ચક્કાજામ કરી તંત્ર સામે વિરોધ કર્યો હતો. 'નવલખી ફાટક પાસે આવેલા લાયન્સ નગર વિસ્તારમાં વરસાદ બાદ રસ્તા પર પાણી ભરાઈ જતાં લોકોનું જનજીવન પ્રભાવિત બન્યું છે. વાહનચાલકો, વેપારીઓ અને સ્થાનિક રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.પ્રદર્શનકારીઓએ ડ્રેનેજ વ્યવસ્થા સુધારવા અને વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.ચક્કાજામને કારણે થોડા સમય માટે ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને સંબંધિત અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા અને લોકો સાથે ચર્ચા કરી પરિસ્થિતિને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો.સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન કરવામાં આવશે

### સન્માનપત્રોની તૈયારીઓ પૂર્ણ કરવા સબંધિત અધિકારીઓને સૂચના અપાઈ

# મહીસાગર જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ વિરપુર તાલુકાના વરધરા ગામ ખાતે યોજાશે

### તમામ વ્યવસ્થાઓ સમય મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી



• લુણાવાડા

આગામી ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે મહીસાગર જિલ્લા કક્ષાના ધ્વજવંદન અને ઉજવણી કાર્યક્રમનું આયોજન વિરપુર તાલુકાના વરધરા ગામ ખાતે કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અત્યંત સુચારૂ, ભવ્ય અને ગરિમાપૂર્ણ રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે આજ રોજ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા કાર્યક્રમ સાથે સંકળાયેલા તમામ વિભાગોના અમલીકરણ અધિકારીઓને તેમની આનુષંગિક જવાબદારીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશેષ કરીને, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પ્રોટોકોલ મુજબ ડાયસ અને બેઠક વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન, ટ્રાફિક નિયમન તેમજ મહાનુભાવો અને ઉપસ્થિત નાગરિકો માટે મેડિકલ અને શુદ્ધ પીવાના પાણીની સુવિધા જેવી તમામ વ્યવસ્થાઓ સમય મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, કાર્યક્રમ સ્થળે અને નગરમાં સ્વચ્છતા ઝુંબેશ અંગે પણ સઘન સમીક્ષા કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય દિનના આ પાવન અને રાષ્ટ્રીય ગૌરવના અવસરે જિલ્લામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીરો તેમજ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારીઓ તથા કર્મચારીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવનાર છે, જે અંગેની આખરી યાદી અને સન્માનપત્રોની તૈયારીઓ પૂર્ણ કરવા સબંધિત અધિકારીઓને સૂચના અપાઈ છે. જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ અમલીકરણ અધિકારીઓને પરસ્પર સુમેળભર્યું સંકલન સાધીને સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા અને આયોજનબદ્ધ 'મિનિટ ટુ મિનિટ' કાર્યક્રમ ઘડી કાઢવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, નિવાસી અધિક કલેક્ટર શ્રી સી વી લટા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના આયોજન માટે મીટિંગ યોજાઈ



• ગોધરા

ગોધરા ખાતે ૭, ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના આયોજન માટે આદિવાસી વિકાસ ફાઉન્ડેશન, ગોધરા દ્વારા આજ સોમવારે સાંજે 8 : 30 કલાકે નિવૃત અધિક કલેકટર એમ. એમ. પારગીના અધ્યક્ષ સ્થાને મીટિંગ યોજાઈ હતી જેમાં નક્કી કર્યા મુજબ ગોધરા ખાતે સાંસ્કૃતિક મહારેલી યોજાશે. ગોધરાના લુણાવાડા રોડ પર આવેલ નેક્ષા કાર શોરૂમની પાછળ, નગરપાલિકાની પાણીની ટાંકીની બાજુમાં આવેલા ગ્રાઉન્ડ પર સવારે ૭:30 કલાકે સભા યોજાશે. સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત થશે. બપોરે 12 વાગ્યે સભા સ્થળથી નાચ ગાન સાથે રેલીનું પ્રસ્થાન થશે અને બામરોલી રોડ પર આવેલ સત્યમ સોસાયટીના કોમન પ્લોટમાં સાંજના 5 વાગ્યે સમાપન થશે. આજની મિટિંગમાં ઉપસ્થિત સૌએ પોતાના સલાહ સૂચનો રજૂ કર્યા હતા. અગ્રણી બી. બી. ભાભોર, એસ. સી. બામણીયા, AVF પ્રમુખ ડૉ. કે. જી. ચંદાણા સહીત કારોબારી સભ્યો અને સમાજ જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં મંત્રી એન. વી. તડવીએ આભાર દર્શન કર્યુ હતું.

### ૨૫ વર્ષથી પાયાની સુવિધાથી વંચિતઃ ફતેપુરાના સકવાડા ફળિયાના ગ્રામજનોએ રોડ-રસ્તાના પ્રશ્ને ભારે આક્રોશ વ્યક્ત કર્યા છે

# સકવાડા ફળિયામાં રોડ-રસ્તા જેવી પ્રાથમિક સુવિધાના અભાવે ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ભારે હાલાકીમાં



• ફતેપુરા

ચૂંટણી સમયે ૧૫ દિવસમાં નવો રસ્તો બનાવી આપવાના દાવાઓ માત્ર કાગળ પર જ રહ્યા છે. ૧૦૮ એમ્બ્યુલન્સ ન પહોંચી શકતા દર્દીઓને ઝોળીમાં નાખીને મુખ્ય રસ્તા સુધી લઈ જવાની નોબત આવે છે. વિગતવાર અહેવાલ:ફતેપુરા તાલુકાના કરમેલ ગ્રામ પંચાયત અંતર્ગત આવતા સકવાડા ફળિયાના ગ્રામજનો છેલ્લા ૨૫ વર્ષથી રોડ-રસ્તા જેવી પાયાની પ્રાથમિક સુવિધાથી વંચિત રહેવા મજબૂર બન્યા છે. ચૂંટણીઓ આવે ત્યારે નેતાઓ દ્વારા માત્ર ૧૫ દિવસમાં રસ્તાનું કામ ચાલુ કરી નવીન રસ્તો બનાવી આપવામાં આવશે તેવા મોટા-મોટા વાયદાઓ કરવામાં આવે છે, પરંતુ આ તમામ દાવાઓ અને વાયદાઓ પોકળ સાબિત થયા છે. ગ્રામજનોની વર્ષો જૂની રજૂઆતો સામે સ્થાનિક તંત્ર અને ગ્રામ પંચાયત દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓ અને રાહદારીઓની દયનીય સ્થિતિ: આ વિસ્તારમાં રસ્તાના અભાવે સ્કૂલે જતા નાના બાળકો અને વિદ્યાર્થીઓને અવર જવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં કીચડ અને ચીકણી માટીના કારણે વૃદ્ધો અને વડીલો માટે ચાલીને જવું પણ અસંભવ બની જાય છે. અહીં બાઈક જેવા વાહનો લાવવા મુશ્કેલ છે અને ફોર વ્હીલર વાહનો તો ફળિયા સુધી પહોંચી જ શકતા નથી, જેના કારણે વાહનોને દૂર મૂકીને ચાલીને જવું પડે છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર, જો અચાનક ઘરની કોઈ વ્યક્તિ બીમાર પડી જાય, તો ખરાબ રસ્તાના કારણે ૧૦૮ એમ્બ્યુલન્સ ફળિયા સુધી આવી શકતી નથી. પરિણામે દર્દીને ખાટલા કે ઝોળીમાં નાખીને મુખ્ય રોડ સુધી લઈ જવાની અમાનવીય પરિસ્થિતિ સર્જાય છે. રાત્રિના સમયે અજાણતા કોઈ વાહન આવી શકતું નથી અને અકસ્માતનો સતત ભય રહે છે. રોજિંદી જરૂરિયાતોની ચીજવસ્તુઓ ખરીદવા માટે ફતેપુરા બજારમાં જવા માટે પણ આ જ ખરાબ રસ્તાનો સહારો લેવો પડે છે. સરપંચ અને સત્તાધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં '૧૫ દિવસમાં કામ શરૂ થઈ જશે' જેવા માત્ર આશ્વાસનો જ મળ્યા છે. હવે સકવાડા ફળિયાના ગ્રામજનો એકસૂરે માંગ કરી રહ્યા છે કે વહેલી તકે તંત્ર જાગે અને આ રસ્તાનું નવીકરણ કરવામાં આવે અથવા વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવે. ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો ગ્રામજનો ઉગ્ર આંદોલન કરે તેવી પ્રબળ શક્યતાઓ છે.

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR

### વિદ્યાર્થીઓને ૧૦૯૮ સેવા, POCSO એક્ટ, બાળ અધિકારો, સુરક્ષિત-અસુરક્ષિત સ્પર્શ

# ચલથાણ નગર પ્રા.શાળામાં ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ દ્વારા બાળ સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**બાળ લગ્ન, બાળ મજૂરી અને બાળ સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું**





• જે બી ટાંક સુરત

મિશન વાત્સલ્ય અંતર્ગત કાર્યરત ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ દ્વારા ચલથાણ સ્થિત નગર પ્રાથમિક શાળામાં બાળ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ બાળ સુરક્ષા સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી.વિદ્યાર્થીઓને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ટોલ-ફ્રી સેવાની ઉપયોગિતા, તેની કાર્યપદ્ધતિ તેમજ કોઈપણ બાળક શોષણ, બાળમજૂરી, બાળલગ્ન, ભિક્ષાવૃત્તિ, ઘરેથી ભાગી જવું, ગુમ થવું અથવા અન્ય કોઈ સંકટજનક પરિસ્થિતિમાં હોય ત્યારે ૧૦૯૮ પર તાત્કાલિક સંપર્ક કરીને નિઃશુલ્ક મદદ મેળવી શકાય છે તે અંગે માર્ગદર્શન અપાયું હતું.વિદ્યાર્થીઓને સુરક્ષિત અને અસુરક્ષિત સ્પર્શ વચ્ચેનો તફાવત સરળ રીતે સમજાવ્યો હતો. બાળકોને જાતીય ગુનાઓથી સુરક્ષા આપતા POCSO એક્ટ-૨૦૧૨ અંગે માહિતી આપી કોઈપણ પ્રકારના અયોગ્ય વર્તન અથવા શોષણ સામે મૌન ન રહી વિશ્વાસુ વ્યક્તિ, શિક્ષક, વાલી અથવા ૧૦૯૮ હેલ્પલાઈનનો સંપર્ક કરવાની અપીલ કરાઈ હતી.બાળ લગ્ન પ્રતિબંધ, બાળમજૂરી અને ભિક્ષાવૃત્તિ નિવારણ, બાળકોના બંધારણીય અને કાનૂની અધિકારો તેમજ સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ બાળ સુરક્ષા યોજનાઓ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. કોઈ બાળક ગુમ થાય તો સમયસર પોલીસ અને ૧૦૯૮ હેલ્પલાઈનનો સંપર્ક કરવાથી બાળકને ઝડપથી શોધવામાં મદદરૂપ થઈ શકે છે તે અંગે પણ સમજ અપાઈ હતી.આ વેળાએ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ઉત્સાહભેર ભાગ લઈ બાળ સુરક્ષા સંબંધિત જિજ્ઞાસાઓનું સમાધાન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓને બાળ સુરક્ષાનો સંદેશ પોતાના મિત્રો, પરિવારજનો અને સમાજ સુધી પહોંચાડવાનો તેમજ જરૂરિયાત સમયે નિર્ભય બની ૧૦૯૮ સેવાનો ઉપયોગ કરવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

### ૬ દિવસીય થ્રીડી હેલ્થકેર શરૂ

# પોતાના જીવન પ્રત્યે લાપરવાહી શારીરિક અસંતુલન અને નકારાત્મક વલણોથી હૃદયરોગમાં વૃદ્ધિનું કારણ

**હકારાત્મક જીવનશૈલી રાખવાનો કાર્યક્રમ આબુ ખાતે યોજાયો**



• આબુરોડ

દિનચર્યાનું નિયમિત ન હોવું, તણાવ, ડિપ્રેશન, ખાનપાનનું અસંતુલન તથા ખુદ પ્રત્યે લાપરવાહી જ હૃદયરોગને ઝડપથી પ્રોત્સાહન આપી રહ્યું છે. મોડુ ઊંઘવું અને મોડુ ઊઠવું એ કેટલીક એવી આદતો છે જેના કારણે દેશમાં ઝડપથી હૃદયરોગ પોતાનો પગ પેસારો કરી રહ્યો છે.બ્રહ્માકુમારીઝના મીડિયા સંયોજક શશિકાંત ત્રિવેદી અને ભરત શાહના જણાવ્યા અનુસાર આ ઉદગાર હૃદયરોગ નિષ્ણાત તથા થ્રીડી હેલ્થ કેર (દિલવાલા) કાર્યક્રમના નિર્દેશક ડૉ. સતીશ ગુપ્તાએ વ્યક્ત કર્યા. તેઓ બ્રહ્માકુમારીઝ સંસ્થાના ગ્લોબલ ઓડિટોરિયમ મનમોહિનીવનમાં હૃદયરોગીઓ માટે આયોજિત ૬ દિવસીય કેડ (CAD) કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે પહેલાં એક ઉંમર પછી લોકોને હૃદયરોગની આશંકા રહેતી હતી. બદલાતી જીવનશૈલી અને જીવન પદ્ધતિથી ઉંમરની સમય સીમા સમાપ્ત થઈ ગઈ છે. ક્યારેય પણ અને કોઈને પણ આ બીમારી પોતાની ઝપેટમાં લઈ લે છે. જેમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ પ્રકારના લોકો સામેલ છે. હવે જરૂરિયાત છે કે આપણે આપણા સ્વાસ્થ્ય પ્રત્યે સચેત રહીએ. કોઈ પણ એવી આદત ન પાળીએ જેનાથી આવી બીમારીઓને તક મળે. સમયસર ઊંઘવું, સમયસર ઊઠવું, સકારાત્મક વિચાર, તણાવ અને ડિપ્રેશન પ્રત્યે જાગરૂક રહીએ. સાથે જ રાજયોગ મેડિટેશન અને ખાનપાન પર વિશેષ ધ્યાન આપીએ.કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના મહાસચિવ રાજયોગી બી.કે. કરુણા ભાઈએ કહ્યું કે જ્યારે આપણે ખુદને આત્મા સમજીએ છીએ તો તેનાથી જીવનમાં આધ્યાત્મિક શક્તિનો વિકાસ થાય છે. પછી તેનાથી આત્મામાં સદગુણોનો વિકાસ થાય છે. એટલા માટે પોતાના જીવનને આધ્યાત્મિક પ્રક્રિયા સાથે જોડી રાખો. આ પ્રસંગે ગ્લોબલ હોસ્પિટલના તબીબી નિયામક તથા મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પ્રતાપ મિઢ્ઢા એ કહ્યું કે જ્યારે આપણે ખુદ પ્રત્યે લાપરવાહી કરીએ છીએ તો આપણે અનેક પ્રકારની બીમારીઓને આમંત્રણ આપીએ છીએ. એટલા માટે હંમેશાં ખુદ પ્રત્યે પ્રામાણિક રહો. આ દરમિયાન ગ્લોબલ ટ્રોમા સેન્ટરના કાર્યકારી મેનેજિંગ ટ્રસ્ટી રશ્મિકાંત આચાર્ય, બી.કે.બાલાબેન તથા યુગરતન ભાઈ પણ હાજર રહ્યા હતા.

### નાણાકીય કડી અને ફરાર આરોપીઓ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરાઇ

# સુરત સાયબર ક્રાઈમનું ઝારખંડમાં ઓપરેશન, APK ફ્રોડ કેસમાં બે મની મ્યુલ ઝડપાયા

• સુરત




સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે આંતરરાજ્ય સાયબર છેતરપિંડીના વધુ એક મોટા નેટવર્કનો પર્દાફાશ કરતાં ઝારખંડના ગિરિડીહ જિલ્લામાંથી બે મની મ્યુલ આરોપીઓની ધરપકડ કરીછે.સુરતથી આશરે 1,800 કિ.મી. દૂર ચાર દિવસ સુધી ચાલેલા સઘન ઓપરેશન બાદ પોલીસે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન તેમના બેંક ખાતાઓમાં રૂ.65 લાખથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો સામે આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, તા. 2 નવેમ્બર, 2025ના રોજ અજાણ્યા શખ્સોએ ફરિયાદીના ICICI બેંક ખાતામાં ગેરકાયદે પ્રવેશ મેળવી ટુકડે-ટુકડે કુલ રૂ.10.65 લાખ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી. આ અંગે સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે સાયબર ઠગો બેંક અથવા સરકારી યોજનાના નામે નકલી APK ફાઈલની લિંક WhatsApp અને SMS મારફતે મોકલતા હતા. પીડિત વ્યક્તિ એપ ઈન્સ્ટોલ કરતાં જ મોબાઈલના SMS, OTP અને બેંકિંગ માહિતી ઠગોના કબજામાં પહોંચી જતી હતી. ત્યારબાદ ખાતામાંથી નાણાં મની મ્યુલ ખાતાઓમાં ટ્રાન્સફર કરી કમિશનના આધારે ATM અને ચેક મારફતે ઉપાડી લેવામાં આવતા હતા. તકનિકી તપાસ અને બેંક ખાતાઓના વિશ્લેષણના આધારે પોલીસે ઝારખંડના ગિરિડીહ જિલ્લામાંથી રૂપલાલ ડી.આર.મંડલ (29)અને મુકેશ કુમાર મંડલ (31)ની ધરપકડ કરી હતી. બંને આરોપીઓ કમિશનના આધારે બેંક ખાતા ઉપલબ્ધ કરાવી સાયબર ગુનાની રકમ ઉપાડી મુખ્ય આરોપીઓ સુધી પહોંચાડતા હોવાનું બહાર આવ્યું છે. નાણાકીય તપાસમાં રૂપલાલના HDFC અને Axis બેંક ખાતાઓમાં કુલ રૂ.65 લાખથી વધુના વ્યવહારો નોંધાયા હતા. અગાઉ આ કેસમાં બે અન્ય આરોપીઓની પણ ધરપકડ થઈ ચૂકી છે. સુરત સાયબર ક્રાઈમ હાલ સમગ્ર નાણાકીય કડી અને ફરાર આરોપીઓ સુધી પહોંચવા માટે વધુ તપાસ ચલાવી રહી છે.

### ૧૮૧ હેલ્પલાઈન, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અને ૧૧૨ ઈમરજન્સી નંબરનો ઉપયોગ કરવા અપીલ કરાઈ

# સુરતમાં ૧૮૧ અભયમની ત્રણ ટીમો દ્વારા પાંચ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમો યોજાયા

**બારડોલી, ઉમરા અને કતારગામ ટીમોએ મહિલા અને બાળ સુરક્ષા અને વિવિધ સરકારી સહાય સેવાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા**

• જે બી ટાંક સુરત

રાજ્યભરમાં 'નારી વંદન ઉત્સવ-૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે 'મહિલા કર્મયોગી દિવસ' નિમિત્તે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે ત્રણ વિવિધ ટીમો દ્વારા જિલ્લાના પાંચ વિવિધ સ્થળોએ વિદ્યાર્થીઓ અને નાગરિકોને મહિલા સુરક્ષા, બાળ અધિકારો તેમજ સરકારી કલ્યાણ યોજનાઓ અંગે વાકેફ કરાયા હતા.પ્રથમ કાર્યક્રમમાં બારડોલી અભયમ ટીમ દ્વારા વરાડ ગામના શ્રી વલ્લભ કન્યા છાત્રાલય ખાતે કાઉન્સેલર તૃપ્તિબેન પટેલે વિદ્યાર્થીનીઓ સાથે સીધો સંવાદ સાધી ૧૮૧ હેલ્પલાઈનની કામગીરી અને કટોકટીના સમયે તેની ઉપયોગિતા વિશે સમજ આપવાની સાથે તમામ કન્યાઓને માહિતીસભર પેમ્ફલેટનું વિતરણ કર્યું હતું. બીજા તબક્કામાં ઉમરા અભયમ ટીમ દ્વારા પાંડેસરાની સુમન હાઈસ્કૂલ ખાતે કાઉન્સેલર નિશાબેને વિદ્યાર્થીઓને મહિલા અને બાળ સુરક્ષા, સોશિયલ મીડિયાનો સલામત ઉપયોગ, કામકાજના સ્થળે જાતીય સતામણી નિવારણ (POSH), ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન, ૧૧૨ ઈમરજન્સી સેવા તેમજ વન સ્ટોપ સેન્ટર (OSC) અને પીબીએસસી (PBSC) સેન્ટરથી મળતી સહાય અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.કતારગામ અભયમ ટીમ દ્વારા અમરોલીની સંત શ્રી સવૈયાનાથ પ્રા.શાળા, ડો.રામમનોહર લોહિયા પ્રા. શાળા તેમજ સિંગણપુર સુમન આવાસ ખાતે વિવિધ સેમિનાર યોજવામાં આવ્યા હતા. જેમાં કાઉન્સેલર દક્ષાબેન ચૌધરીએ ૧૮૧ મોબાઈલ એપના ઉપયોગ અને મહિલા સુરક્ષા સંબંધિત તાત્કાલિક સેવાઓ વિશે માહિતી આપી હતી.કાઉન્સેલરોએ સમાજમાંથી બાળલગ્ન, બાળમજૂરી અને બાળશોષણ જેવા દૂષણો નાબૂદ કરવા તેમજ સાયબર સુરક્ષા જાળવવા અંગે હાકલ કરી હતી. કોઈપણ પ્રકારની મુશ્કેલી કે કટોકટીના સમયે મહિલાઓ અને બાળકોને સંકોચ રાખ્યા વિના ૧૮૧ હેલ્પલાઈન, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અને ૧૧૨ ઈમરજન્સી નંબરનો ઉપયોગ કરવા અપીલ કરાઈ હતી.




### સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા

# કઠવાડા GIDC ખાતે એમએસએમઈ ક્રેડિટ આઉટરીચ કેમ્પનું આયોજન

• અમદાવાદ

એમએસએમઈ ક્ષેત્રને બેંકિંગ સેવાઓ સાથે જોડવા તેમજ ઉદ્યોગકારોને વિવિધ લોન યોજનાઓ અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાના હેતુથી સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા આજે કઠવાડા GIDC, અમદાવાદ ખાતે *એમએસએમઈ ક્રેડિટ આઉટરીચ કેમ્પ*નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયાના કેન્દ્રીય કાર્યાલયના મુખ્ય મહાપ્રબંધક શ્રી અજય ખન્ના, અમદાવાદ અંચલના અંચલ પ્રમુખ શ્રી પ્રમોદ કુમાર મિશ્રા તથા અમદાવાદ ક્ષેત્રના પ્રાદેશિક પ્રમુખ શ્રી ગૌરવ કુમાર જૈન ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમને સંબોધ્યો. તેમણે જણાવ્યું કે એમએસએમઈ ક્ષેત્ર દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે અને સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા આ ક્ષેત્રની નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે. તેમણે બેંકની વિવિધ એમએસએમઈ લોન યોજનાઓ, સરળ લોન પ્રક્રિયા તેમજ ડિજિટલ બેંકિંગ સેવાઓ અંગે પણ માહિતી આપી. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી નિલય શાહ, ઈન્ટરિમ ચેરમેન, બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ કમિટી, GCCI, એ પોતાના સંબોધનમાં જણાવ્યું કે ઉદ્યોગોના વિકાસ માટે બેંકો અને ઉદ્યોગ જગત વચ્ચે મજબૂત સમન્વય જરૂરી છે. તેમણે ઉદ્યોગકારોને બેંકની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી. કાર્યક્રમમાં કઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જયકલ્પ સી. પટેલ તથા સચિવ શ્રી સમીર એ. પટેલ પણ ઉપસ્થિત રહ્યા. તેમણે સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયાની આ પહેલની પ્રશંસા કરતાં જણાવ્યું કે



આવા કાર્યક્રમો સ્થાનિક ઉદ્યોગકારોને બેંકની વિવિધ લોન યોજનાઓ અને બેંકિંગ સેવાઓ અંગે વિસ્તૃત માહિતી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કેમ્પ દરમિયાન બેંકના અધિકારીઓએ એમએસએમઈ ક્ષેત્ર માટે ઉપલબ્ધ વિવિધ લોન યોજનાઓ, વર્કિંગ કેપિટલ, ટર્મ લોન, મશીનરી ફાઈનાન્સ, ડિજિટલ બેંકિંગ સેવાઓ તથા અન્ય બેંકિંગ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપી. આ કેમ્પ દરમિયાન અંદાજે 180 કરોડના બિઝનેસ લીડ્સ પ્રાપ્ત થયા તેમજ આશરે 86 કરોડની લોન મંજૂર કરવામાં આવી. સાથે જ ઉપસ્થિત ઉદ્યોગકારોના બેંકિંગ સંબંધિત પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવ્યું. સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા ભવિષ્યમાં પણ આવા એમએસએમઈ ક્રેડિટ આઉટરીચ કેમ્પો દ્વારા ઉદ્યોગોના વિકાસ, સ્વરોજગારને પ્રોત્સાહન તથા દેશના આર્થિક વિકાસમાં પોતાનું સક્રિય યોગદાન આપતું રહેશે.

### બાબરા તાલુકામાં આવેલ ગમાંપીપળીયા ગામે

# શ્રી બોખલા હનુમાનજી મહારાજ આશ્રમ ખાતે બે દિવસીય ધાર્મિક મહોત્સવનું આયોજન

**ભક્તજનોને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું હતું**

• જે બી ટાંક સુરત

બાબરા તાલુકાના ગમાપીપળીયા ગામ સ્થિત શ્રી બોખલા હનુમાનજી મહારાજ આશ્રમ ખાતે પરમ પૂજ્ય સદગુરુ શ્રી રામકિશનદાસ બાપુની પવિત્ર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને યજ્ઞોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પાવન અવસર નિમિત્તે બે દિવસીય ધાર્મિક મહોત્સવ દરમિયાન યજ્ઞ, શોભાયાત્રા, સુંદરકાંડ પાઠ, મૂર્તિ પ્રતિષ્ઠા, બિંબ હોમ તેમજ મહાપ્રસાદ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું સદગુરુ શ્રી રામકિશનદાસ બાપુના આશીર્વાદ અને શ્રી બોખલા હનુમાનજી મહારાજની અસીમ કૃપાથી યોજાનાર આ મહોત્સવમાં સમગ્ર સૌરાષ્ટ માંથી સંત-મહંતો, મહામંડલેશ્વરો,ધાર્મિક આગેવાનો તેમજ હજારોની સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે આશ્રમ પરિસરને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું . વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાનાર યજ્ઞ અને મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવાયો.ભજન-કીર્તન, સંતવાણી અને ધાર્મિક કાર્યક્રમો દ્વારા શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવવામાં આવી હતી. મહોત્સવમાં પ્રથમ દિવસે બપોરે ૩:૦૦ કલાકે સદગુરુ શ્રી રામકિશનદાસ બાપુની મૂર્તિની ભવ્ય શોભાયાત્રા અને રાત્રે



૮:૦૦ કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો એ ભાગ લીધો હતો.સવારે ૭:૩૦ કલાકે વૈદિક વિધિ અનુસાર યજ્ઞ પ્રારંભ થયો ને સવારના ૧૦:૩૦ કલાકે સદગુરુ શ્રી રામકિશનદાસ બાપુની મૂર્તિ પ્રતિષ્ઠાનો મુખ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાયો.ત્યારબાદ બપોરે ૧૧:૩૦ કલાકે બીડુ હોમની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. અને બપોરે ૧૨:૦૦ કલાકે સર્વે ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું ને આ સમગ્ર ધાર્મિક મહોત્સવનું આયોજનશ્રીબોખલાહનુમાનજીમહારાજઆશ્રમ,ગમાંપીપળીયા, તાલુકો બાબરા, જિલ્લા અમરેલી ખાતે કરવામાં આવ્યું હતું. આયોજક મંડળ દ્વારા જણાવાયું છે કે સદગુરુ શ્રી રામકિશનદાસ બાપુના આશીર્વાદ અને શ્રી બોખલા હનુમાનજી મહારાજની કૃપાથી યોજાયેલ આ મહોત્સવ સમાજમાં ધર્મ, સંસ્કાર, ભક્તિ અને આધ્યાત્મિક ચેતનાનો સંદેશ પ્રસરાવાયો હતો. આવા પવિત્ર અવસરો માત્ર ધાર્મિક વિધિ પૂરતા મર્યાદિત નથી રહેતા, પરંતુ સમાજમાં એકતા, સેવા, સંસ્કાર અને સદભાવનાને પણ મજબૂત બનાવે છે. અંતમાં આયોજક પરિવાર તરફથી સમગ્ર પધારેલ સંતો, મહંતો, આગેવાનો, ભક્તજનો અને સર્વ સમાજના લોકોને સહપરિવાર પધાર્યા અને સદગુરુ શ્રી રામકિશનદાસ બાપુના દર્શન, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, યજ્ઞ અને મહાપ્રસાદનો લાભ લીધો એ બદલ રાજીપો વ્યક્ત કરવામાં આવ્યો હતો ને શુભાશીષ પાઠવવામાં આવ્યા હતાં.આ સમગ્ર કાર્યક્રમનું મીડિયા કવરેજ પત્રકાર જયરાજ બી ટાંક(જયુ)અને ભાનુભાઈ પાનશેરિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

### ધારાસભ્ય સંગીતાબેન પાટીલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશની પ્રેરક ઉપસ્થિતિ

# સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે મેયર માયાબેન માવાણીની અધ્યક્ષતામાં 'માય હેન્ડલૂમ, માય પ્રાઈડ' થીમ સાથે 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની' ઉજવણી કરાઈ

**દેશના દરેક નાગરિકોને સામૂહિક પ્રયત્નો થકી હાથશાળ કલાને પ્રાધાન્ય આપી સ્વદેશી કારીગરોને પ્રોત્સાહન આપવા આહ્વાન કરતા મેયર માયાબેન માવાણી**









**• જે બી ટાંક,સુરત**

સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે આયોજિત ક્રાફ્ટ રૂટ પ્રદર્શનમાં મેયરશ્રી માયાબેન માવાણીની અધ્યક્ષતામાં અને ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી દર્શનાબેન જરદોશની પ્રેરક ઉપસ્થિતિમાં 'માય હેન્ડલુમ, માય પ્રાઈડ' થીમ સાથે 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ'ની ઉજવણી કરાઈ હતી.

સુરત મહાનગરપાલિકા, સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની લેડીઝ વિંગ, WICCI એન્ટરપ્રિન્યોર સેલ, અમી હેન્ડીક્રાફ્ટસ તથા અવની સાડીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતીય વિરાસત અને હેન્ડલૂમ હુન્નરને બિરદાવવા માટે મોટી સંખ્યામાં બહેનો પારંપરિક હેન્ડલૂમના વસ્ત્રો ધારણ કરીને 'માય હેન્ડલૂમ, માય પ્રાઈડ'ની થીમ સાથે સહભાગી થયાં હતા.

આ પ્રસંગે મેયરશ્રી માયાબેન માવાણીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં 'રાષ્ટ્રીય હેન્ડલૂમ(હાથશાળ) દિવસ'ની ઉજવણી મહત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને આ દિવસે દેશના હાથશાળ વણકરોની કલા, કૌશલ્ય અને પરિશ્રમને સન્માન તેમજ સ્વદેશી વસ્ત્રોને પ્રોત્સાહન આપી ભારતની ધરોહર સાચવી તેને આગળ ધપાવવાનો છે અને આ માટે તેમણે દેશના દરેક નાગરિકોને સામૂહિક પ્રયત્નો થકી હાથશાળ કલાને પ્રાધાન્ય આપી સ્વદેશી કારીગરોને પ્રોત્સાહન આપવા આહ્વાન કર્યું હતું.

રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની શુભકામનાઓ આપતા પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી દર્શનાબેન જરદોશે જણાવ્યું કે, વર્ષ ૧૯૦૫થી રાષ્ટ્રપિતા દ્વારા શરૂ કરાયેલી સ્વદેશી પહેલને વડાપ્રધાનશ્રીએ 'મેક ઈન ઈન્ડિયા' તેમજ 'આત્મનિર્ભર ભારત'ના વિઝન સાથે વેગવંતી બનાવી છે. સ્વદેશી કળા કૌશલ્યના આર્ટીઝનને પ્રોત્સાહન આપી દેશભરમાં લોકોને પરદેશી ત્યાગી સ્વદેશી અપનાવવા જાગૃત બનાવાયા છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ થકી કલા કારીગરોને પગભર બનાવવા ઘણી યોજનાઓ અમલી બનાવાઈ છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ વર્ષે ક્રાફ્ટ રૂટ પ્રદર્શનની સાથે હાથશાળ દિવસની ઉજવણીને સાંકળીને શહેરીજનોને હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ એકસાથે મેળવવાની તક છે.

આ વેળાએ અમી હેન્ડીક્રાફ્ટસના ભાવનાબેન દેસાઈ, સાડી ડ્રેપિંગ એક્સપર્ટ શ્રીમતી હીના ઘેહાની તથા અવની હેન્ડલૂમ સાડીના શ્રીમતી શિલ્પી સાધ સહિત વિવિધ ક્ષેત્રની મહિલા ઉદ્યોગસાહસિકો અને અગ્રણીઓ પણ કાર્યક્રમમાં જોડાઈને કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો.

### ગાંધીનગરમાં 'તિરંગા યાત્રા' અંતર્ગત

# ટ્રાફિક નિયમન માટે જાહેરનામુ બહાર પડાયું

**ઈમરજન્સી સેવાઓ અને સરકારી વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ**

**• ગાંધીનગર**

આગામી ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર શહેરમાં યોજાનાર 'તિરંગા યાત્રા રેલીમાં, કાયદો અને વ્યવસ્થા તથા ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે હેતુથી ગાંધીનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વિપુલ ઠક્કર દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અંતર્ગત આજથી તા. ૧૦/૦૮/૨૦૨૬ના રોજ રાત્રિના ૨૨:૦૦ કલાક સુધી ક-૬ સર્કલથી જ-રોડ, અક્ષરધામ ચાર રસ્તા સુધીના આવતા-જતા બંને તરફના રોડ નં. ૬ પર તમામ પ્રકારના વાહનોનો પ્રવેશ પ્રતિબંધ તથા નો પાર્કિંગ ઝોન રહેશે.

નાગરિકો તથા વાહનચાલકોની સુવિધા માટે તંત્ર દ્વારા વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યા છે જે મુજબ નાગરિકો સેક્ટર-૨૬ થી ૩૦, પેથાપુર અને ચિલોડા તરફ જવા માટે ક-૬ સર્કલથી ડાબી બાજુ વળી ક-૭ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી રોડ નં. ૭નો ઉપયોગ કરી શકશે. આ સાથે સેક્ટર-૨૦ થી ૨૫, એસ.ટી. ડેપો, સિવિલ હોસ્પિટલ અને અમદાવાદ તરફ જવા માટે વાહન ચાલકો રોડ નં. ૫નો ઉપયોગ કરી શકશે. ફરજ પરના સરકારી અધિકારીઓ/કર્મચારીઓના વાહનો તેમજ એમ્બ્યુલન્સ જેવા તાત્કાલિક સેવા આપતા વાહનોને આ નિયમો લાગુ પડશે નહીં.આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### પોલીસ કમિશનરનું જાહેરનામું

# ઉંદર પકડવાની ગ્લુ-ટ્રેપના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ

**• જે બી ટાંક સુરત**

પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની જોગવાઈઓ અનુસાર સુરતના ઈ. પોલીસ કમિશનર વાબાંગ જામીર(IPS)દ્વારા મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અનુસાર, સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉંદર પકડવાની જાળ (ગ્લુ-ટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમ તા.૦૬/૧૦/૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.



### તા.૯ થી ૧૪ ઓગસ્ટ સુધી જિલ્લા અને તાલુકા કક્ષાએ 'હર ઘર તિરંગા' અભિયાન

# તિરંગા યાત્રા તથા શાળા-કોલેજોમાં વિવિધ સ્પર્ધાઓ અને દેશભક્તિસભર કાર્યક્રમો યોજાશે

**તમામ ઘરો, દુકાનો, ઉદ્યોગો અને વેપારી ગૃહો, સરકારી-ખાનગી કચેરીઓ, સામાજિક સંસ્થાઓ પર તિરંગો લહેરાશે**

**• જે બી ટાંક સુરત**

સુરત-શુક્રવાર: સુરત જિલ્લામાં આગામી તા.૯ થી ૧૪મી ઓગસ્ટ સુધી વિવિધ વિભાગના કાર્યક્રમો, સ્પર્ધાઓ અને એક્ટીવિટીઝ દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાન યોજાશે, જે સંદર્ભે મેયરશ્રી માયાબેન માવાણીની ઉપસ્થિતિમાં જિલ્લા કલેકટર શ્રી તેજસ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગૌરવની ભાવનાને વધુ પ્રબળ બનાવવાના હેતુ સાથે યોજાનાર હર ઘર તિરંગા અભિયાન હેઠળ શહેર-જિલ્લાના મહત્તમ નાગરિકોને સાંકળી લઈ વિશાળ જનભાગીદારી નોંધાવવા જિલ્લા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો. સુરત જિલ્લામાં તિરંગાના માન સન્માન સાથે ભારે ઉત્સાહભેર તમામ કાર્યક્રમો યોજાય તેની તકેદારી રાખવા કલેક્ટરશ્રીએ જરૂરી સૂચનાઓ આપી હતી. શહેર-જિલ્લા, તાલુકા, નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષાએ તમામ ઘરો, દુકાનો, ઉદ્યોગો અને વેપારી



ગૃહો, સરકારી અને ખાનગી કચેરીઓ, સામાજિક સંસ્થાઓ વગેરે તમામ જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે અને લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગૌરવની ભાવના જાગે તે આ કાર્યક્રમનો હેતુ હોવાનું કલેક્ટરશ્રીએ કહ્યું હતું. કલેક્ટરશ્રીએ તમામ સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, વેપારી સંગઠનો, સામાજિક સંસ્થાઓ તથા યુવા-મહિલાશક્તિની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો.

ડે.કલેક્ટર (પ્રોટોકોલ)શ્રી એ.પી. ગોહિલે જણાવ્યું કે, સુરત જિલ્લામાં આગામી ૧૪મી ઓગસ્ટ સ્વતંત્રતા દિન સુધી વિવિધ વિભાગના કાર્યક્રમો, સ્પર્ધાઓ અને એક્ટીવિટીઝ સાથે 'હર ઘર તિરંગા' અભિયાન યોજાશે. શિક્ષણ વિભાગ દ્વારા શાળા-કોલેજો અને યુનિવર્સિટીઓના સહયોગ સાથે વક્તૃત્વ સ્પર્ધા, ક્વિઝ, નિબંધ લેખન, પ્રભાતફેરી, ચિત્ર તથા રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે. તા.૧૪મી ઓગસ્ટે 'વિભાજન વિભીષિકા સ્મૃત્તિ દિવસ' કાર્યક્રમ પણ યોજાશે. દેશ માટે પ્રાણોનું બલિદાન આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. બેઠકમાં જિ. પંચાયત પ્રમુખશ્રી સમીર મોદી, મનપાના સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, પોલીસ કમિશનરશ્રી વાબાંગ જમીર, જિલ્લા પોલીસ વડા શ્રી રાજન ગઢીયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારી, પ્રાંત અધિકારીઓ સહિત પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વાસ રાખો કે તમે કરી શકો છો!

**• સંત રાજીન્દર સિંહજી મહારાજ**

માત્ર સકારાત્મક વિચારસરણી અને વલણ જ આપણને આપણા લક્ષ્યો સુધી પહોંચવામાં મદદ કરી શકે છે. ઘણી વખત આપણે પોતાની ખામીઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જેના કારણે આત્મશંકા અને આત્મવિશ્વાસનો અભાવ જન્મે છે. ઈતિહાસ સાબિત કરે છે કે માનવજાતે દૃઢ નિશ્ચય, નવીનતા અને સતત પ્રયત્નોથી અનેક પડકારો પર વિજય મેળવ્યો છે.જો આપણે પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખીએ અને નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીએ, તો આપણે આપણા લક્ષ્યો હાંસલ કરી શકીએ છીએ. પરંતુ જો આપણે માત્ર પોતાની નિષ્ફળતાઓ પર જ ધ્યાન આપીએ, તો પ્રથમ પગલું ભરવામાં પણ અચકાઈએ છીએ. સફળતા માટે સકારાત્મક વલણ, સતત પ્રયત્ન અને લક્ષ્ય પ્રત્યે એકાગ્રતા જરૂરી છે.આ જ વાત આધ્યાત્મિક જીવનમાં પણ લાગુ પડે છે. જ્યારે આપણે જીવનનો અર્થ શોધવા માટે આધ્યાત્મિક યાત્રા શરૂ કરીએ છીએ અને આત્મિક ઉન્નતિના લક્ષ્ય પર વિશ્વાસ અને સમર્પણ સાથે અડગ રહીએ છીએ, ત્યારે આપણે સમજીએ છીએ કે બધા જવાબો આપણા અંતરમાં



જ છે. ધ્યાન દ્વારા આપણે આપણા સાચા સ્વરૂપને આત્મા તરીકે ઓળખીએ છીએ અને ઈશ્વરના પ્રેમ તથા દિવ્ય પ્રકાશનો અનુભવ કરીએ છીએ. આ અનુભવ આપણું જીવન પરિવર્તિત કરે છે, આંતરિક સ્થિરતા આપે છે અને જીવનના સર્વોચ્ચ લક્ષ્ય તરફ આગળ વધવામાં મદદ કરે છે.આશાવાદ આપણા આત્માનો એક દિવ્ય ગુણ છે. આપણો આત્મા ઈશ્વરનો અંશ હોવાથી આ ગુણ આપણામાં સ્વાભાવિક રીતે રહેલો છે. નિરાશાવાદ આપણને ઈશ્વર દૂર છે એવું અનુભવ કરાવે છે, જ્યારે આશાવાદ આપણા લક્ષ્ય સુધી પહોંચવાના માર્ગો ખોલી આપે છે.આ બધાની શરૂઆત માત્ર એક જ વિશ્વાસથી થાય છે–કે આપણે આપણું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. સાવન કૃપાલ રૂહાની મિશનના વિશ્વભરમાં 3200 થી વધુ કેન્દ્રો છે અને તેના સાહિત્યનો અનુવાદ 55 થી વધુ ભાષાઓમાં થયો છે. મિશન નું મુખ્ય સેન્ટર વિજયનગર, દિલ્હી ખાતે અને આંતરરાષ્ટ્રીય સેંટર નૅપરવિલ, અમેરિકા ખાતે સ્થિત છે.વધુ માહિતી માટે સંપર્ક કરો : 9825467110, skrmzn12@gmail.com